# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-10-2023** **Evening : 7.50 to 8.00**
**Day : Thursday** **National News**

આકાશવાણી સમાચાર **અંકિત પ્રજાપતિ** વાંચે છે.

**************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં અંદાજે 18 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસકામોનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યાં છે.
- મધ્યપ્રદેશની સરકારે રાજ્યની સીધી ભરતીઓમાં મહિલાઓને 35 ટકા અનામત આપતું જાહેરનામું જારી કર્યું છે.
- કર્ણાટક સરકારે 195 તાલુકાઓમાં ઉભી થયેલી દુકાળની પરિસ્થિતિનો સામનો કરવા 4 હજાર 860 કરોડ રૂપિયાની સહાય માટે કેન્દ્રિય ટીમને રજૂઆત કરી છે.
- સાહિત્ય ક્ષેત્રનો આ વર્ષનો નોબલ પુરસ્કાર નોર્વેના જોન ફોસેને આપવામાં આવશે.
- ચીનમાં રમાઈ રહેલ એશિયાઈ રમતોત્સવમાં ભારતે અત્યારસુધીમાં 21 સુવર્ણ, 31 રજત અને 32 કાંસ્ય ચંદ્રક સહિત કુલ 84 ચંદ્રક મેળવ્યા છે.
- ICC એક દિવસીય વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધાનો અમદાવાદમાં આજથી આરંભ થયો છે.

**************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## MP--PM-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મધ્યપ્રદેશમાં વિવિધ ક્ષેત્રના 12 હજાર 600 કરોડના રૂપિયાના વિકાસકામોનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યા છે.

તેમણે વિરાંગના રાણી દુર્ગાવતી સ્મારકનું ભૂમિપૂજન કર્યું હતું. તેમજ મહારાણીની સ્મૃતિમાં ખાસ ટપાલ ટિકિટનું વિમોચન કર્યું હતું. તેમણે કહ્યું કે, ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહાર વાજપેયીએ પહેલીવાર આદિજાતિ મંત્રાલયની રચના કરીને આદિજાતિ વર્ગનું સન્માન કર્યું હતું.

શ્રી મોદીએ ડીજીટલ ઇન્ડિયા કોવિડની રસી તેમજ અમૃતકાળની સંકલ્પના બાબતે વિરોધપક્ષોએ અપનાવેલા  વલણની ટીકા કરી હતી.

તેમણે જબલપુર અને દીંડોરી જીલ્લામાં બે હજાર 350 કરોડ રૂપિયાના ખર્ચે જલજીવન મિશન પ્રોજેક્ટ હેઠળના વિવિધ પાણી યોજનાઓનો શિલાન્યાસ કર્યો હતો. શ્રી મોદી મધ્યપ્રદેશમાં 4 હજાર 800 કરોડ રૂપિયાના ખર્ચે બંધાયેલા અને બંધાનાર માર્ગ વિકાસ કામોનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું. તેમજ તેમણે એક હજાર 850 કરોડ રૂપિયાના ખર્ચના રેલ્વે પ્રોજેક્ટોનું લોકાર્પણ કર્યું.

## PM RAJASTHAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજસ્થાનના જોધપુરમાં રોડ, રેલવે, ઉડ્ડયન,આરોગ્ય અને ઉચ્ચ શિક્ષણ જેવા ક્ષેત્રોમાં આશરે પાંચ હજાર કરોડ રૂપિયાની અનેક વિકાસ  યોજનાઓનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કર્યું છે. તેમણે જોધપુર એઈમ્સમાં 350 પથારીના ટ્રોમા સેન્ટર અને સાત ક્રિટિકલ કેર હોસ્પિટલ બ્લોકનો શિલાન્યાસ કર્યો. પ્રધાનમંત્રીએ એક હજાર 135 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનેલ IIT જોધપુરનું અત્યાધુનિક કેમ્પસ પણ રાષ્ટ્રને સમર્પિત કર્યું.

પ્રધાનમંત્રીએ જોધપુરમાં જાહેરસભામાં સંબોધન કરતાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર રાજસ્થાનમાં રેલવે, માર્ગ અને માળખાકીય સુવિધાઓના વિકાસની સાથે દરેક

ક્ષેત્રમાં વિકાસ ઝડપી બને તે માટે કામગીરી કરી રહી છે. રાજસ્થાન ઉચ્ચ શિક્ષણનું કેન્દ્ર બને તે માટે ભાજપ સરકાર પ્રતિબધ્ધ છે અને આ માટે સતત પ્રયાસ કરી રહી છે. કેન્દ્રની એનડીએ સરકારે વાઈબ્રન્ટ ગ્રામ યોજના અમલમાં મૂકી છે. જેનાથી ગામડાઓનો સર્વાંગી વિકાસ થયો છે.

આકાશવાણી જોધપુરના સંવાદદાતા જણાવે છે કે પ્રધાનમંત્રી જોધપુર હવાઈમથક પર 480 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનારા અત્યાધુનિક નવા ટર્મિનલ બિલ્ડિંગનો અને અંદાજે એક હજાર 475 કરોડના ખર્ચે અનેક રોડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો છે.

## PM-RAMLINGA

પ્રધાન મંત્રી નરેંદ્ર મોદીએ કહ્યું કે શ્રી રામલિંગા સ્વામી જે 'વલ્લાલર' તરીકે પણ ઓળખાય છે તેમની અસર વૈશ્વિક છે અને ઘણી સંસ્થાઓ તેમના વિચારો અને આદર્શો પર કામ કરી રહી છે.શ્રી મોદીએ આજે કહ્યું હતું કે, દેશની સાંસ્કૃતિક સમજમાં વિવિધતા મહાન સંતોના ઉપદેશોના એક તાંતણે જોડાયેલી છે જે એક ભારત શ્રેષ્ઠ ભારતના સામૂહિક વિચારને બળ આપે છે.

એક સંદેશમાં, પ્રધાનમંત્રીએ શ્રી રામલિંગા સ્વામીની 200મી જન્મજયંતિના અવસર પર સંબોધન કર્યું.તેમણે કહ્યું કે, વલ્લાર 19મી સદીમાં જન્મ્યા પણ તેમની આધ્યાત્મિક સમજ આજે પણ લાખો લોકોને પ્રેરણા આપે છે. આ અવસરે, શ્રી મોદીએ વલ્લારના આદર્શોને પરિપૂર્ણ કરવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો અને દરેકને તેમના પ્રેમ, દયા અને ન્યાયનો સંદેશ ફેલાવવા વિનંતી કરી.

## MP WOOMEN RESERVATION

મધ્યપ્રદેશની સરકારે રાજ્યની સીધી ભરતીઓમાં મહિલાઓને 35 ટકા અનામત આપતું જાહેરનામું જારી કર્યું છે. સરકારે મધ્યપ્રદેશ લોકસેવા નિયમ-1997માં સુધારો કરીને **મહિલા નિમણૂંક માટે વિશેષ જોગવાઈ** દાખલ કરી છે.

મહિલાઓને અનામતની નોટિસમાં જાહેર કરાયું છે કે "કોઈપણ સેવા નિયમોમાં કંઈપણ શામેલ હોવા છતાં, રાજ્ય હેઠળની સેવામાં તમામ જગ્યાઓમાંથી 35 ટકા જગ્યાઓ સીધી ભરતીના તબક્કે મહિલાઓની તરફેણમાં અનામત હોવી જોઈએ"

મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે તાજેતરમાં જણાવ્યુ હતું કે વનવિભાગને બાદ કરતા, પોલીસ વિભાગ અને અન્ય સરકારી નોકરીઓની જગ્યામાં મહિલાઓ દ્વારા 35 ટકા જગ્યાઓ ભરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે શહેરી  અને પંચાયતોની ચુંટણીમાં 50 ટકા મહિલાઓને અનામત આપવાની જાહેરાત કરનાર મધ્ય પ્રદેશ પ્રથમ રાજ્ય હતું.

## KARNATAKA--GOVERNMENT

કર્ણાટક સરકારે રાજયના 195 તાલુકાઓમાં ઉભી થયેલી દુકાળની પરિસ્થિતિનો સામનો કરવા 4 હજાર 860 કરોડ રૂપિયાની સહાય માટે કેન્દ્રિય ટીમ સમક્ષ રજૂઆત કરી છે. રાજય સરકારે એનડીઆરએફના ધારાધોરણો મુજબ વળતર ચૂકવવાની રજૂઆત કરી છે.

મુખ્યમંત્રી સિધ્ધરમૈયાએ કેન્દ્રિય ટીમના અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. અને તેમને દુકાળથી અસરગ્રસ્ત ખેડૂતોના હિતોની જાળવણી કરવા રજૂઆત કરી હતી.

ઉલ્લેખનીય છે કે, કર્ણાટકમાં અપૂરતા વરસાદને કારણે ઉભી થયેલી દુકાળની પરિસ્થિતિની જાતમાહીતી મેળવવા કેન્દ્રિય ટુકડી ચાર દિવસની મુલાકાતે કર્ણાટક પહોંચી છે.

## NOBEL-LITERATURE

સાહિત્ય ક્ષેત્રનો આ વર્ષનો  નોબલ પુરસ્કાર નોર્વેના જોન ફોસેને આપવામાં આવશે. સ્વીડન અકેડેમીએ કહ્યું કે જોન ફોસેને તેમના નાવિન્યસભર નાટકો અને ગધ્ય લખાણને લીધે નોબલ પરિતોષિક આપવામાં આવશે.તેમણે ઉમેર્યું

કે, ફોસે વિશ્વના સૌથી લોકપ્રિય નાટયલેખકોમાના એક છે અને તેમણે ગદ્ય લખાણમાં આગવી ઓળખ બનાવી છે તેમની રચનાઓમાં માનવ પરિસ્થિતિઓ કેન્દ્રમાં હોય છે.

નોબલ પુરસ્કાર સમિતિ એ કહ્યું કે જોન ફોસે તેમના લખાણમાં એવી પરિસ્થિતિઓને રજૂ કરે છે જે સામાન્ય માણસના જીવનમાં જોઈ સકાય છે.જોન ફોસે હવે એવી સૂચિમાં શામિલ થઈ ગયા છે જેમાં ટોની મોરિસન થી લઈને અરનિંગ હેમિંગવેના નામ છે.

## ASIAN GAMES - 2023

ચીનમાં હાંગઝોઉ ખાતે રમાઈ રહેલ એશિયાઈ રમતોત્સવમાં ભારતે અત્યારસુધીમાં 21 સુવર્ણ, 31 રજત અને 32 કાંસ્ય ચંદ્રક સહિત કુલ 84 ચંદ્રક મેળવ્યા છે. એશિયાઈ રમતોત્સવમાં ભારતનું આ અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. આજે તીરંદાજીમાં, પુરુષોની કમ્પાઉન્ડ સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓએ દક્ષિણ કોરિયાને 235-230થી હરાવીને સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો.

તેવી જ રીતે, ભારતીય ખેલાડીઓ જ્યોતિ સુરેખા, પરનીત અને અદિતિની ટુકડીએ મહિલાઓની કમ્પાઉન્ડ સ્પર્ધામાં ચાઈનીઝ તાઈપેઈને હરાવીને સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહિલા તીરંદાજીની કમ્પાઉન્ડ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીતવા બદલ મહિલા તીરંદાજોને અભિનંદન પાઠવ્યા છે. એક સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે, જ્યોતિ સુરેખા વેન્નમ, પરનીત કૌર અને અદિતિ ગોપીચંદના શ્રેષ્ઠ પ્રદર્શન, ધ્યાન અને સમર્પણથી દેશને ગર્વ થયો છે.

કબ્બડીમાં,ભારતીય પુરુષોની ટિમે જાપાનને ગ્રૂપ Aની મેચમાં 56-28 થી હરાવી છે.

ભારતીય કુસ્તીબાજ પૂજા ગેહલોત, 50 કિલોગ્રામની સેમિફાઇનલમાં કેનેડાની કુસ્તીબાજ સામે હારી જતાં હવે તે કાંસ્ય ચંદ્રક માટે મેચ રમશે, જ્યારે

માનસીએ 57 કિલોગ્રામ શ્રેણીમાં રિપબ્લિક ઓફ કોરિયાની બાર્ક જિયોન્ગે સામે વિજય મેળવ્યો હતો.

## CRICKET

ICC એક દિવસીય વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધાનો અમદાવાદમાં આજથી આરંભ થયો છે. સ્પર્ધાની પહેલી મેચમાં ઈંગ્લેન્ડે ન્યુઝીલેન્ડને વિજય માટે 283 રનનો લક્ષ્યાંક આપ્યો છે.

પહેલા બેટિંગ કરતાં, ઈંગ્લેન્ડે જૉ રૂટના 77 અને જોશ બટલરના 43 રનની મદદથી નિર્ધારિત 50 ઓવરમાં 9 વિકેટે 282 રન કર્યા હતા. જ્યારે ન્યુજીલેંડ તરફથી મેટ હેન્રીએ 3, મિચલ સેંટનર અને ગ્લેન ફિલિપ્સ એ 2-2 વિકેટ ઝડપી હતી.

દરમિયાન અમદાવાદના મોટેરા વિસ્તારના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિત અન્ય વિસ્તારોમાં સાડા ત્રણ હજારથી વધુ પોલીસ કર્મચારીઓ તૈનાત કરાયા છે.

અમદાવાદના અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે અમદાવાદ ખાતે 14 ઓક્ટોબરે ભારત-પાકિસ્તાનની મેચ પર દર્શકોની વિશાળ સંખ્યાને ધ્યાનમાં રાખીને, સ્ટેડિયમના મુખ્ય સ્થળો પર ક્વિક રિસ્પોન્સ ટીમ્સ સહિતની વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવશે..

છેલ્લા સમાચાર મળ્યા ત્યારે ન્યુઝીલેન્ડે 24 ઓવરમાં 1 વિકેટે 178 રન કર્યા છે.

## BJP PROTEST – AAP

એક્સાઇઝ પોલિસી કેસમાં સાંસદ સંજય સિંહની ધરપકડ બાદ, ભાજપના કાર્યકર્તાઓએ આજે આમ આદમી પાર્ટી સરકાર વિરુદ્ધ દિલ્હીમાં રાજઘાટ પર વિરોધ પ્રદર્શન કર્યું હતું. દિલ્હીના ભાજપના સાંસદો અને ધારાસભ્યોએ મુખ્યમંત્રી અરવિંદ

કેજરીવાલના કથિત ભ્રષ્ટ શાસનને સમાપ્ત કરવા માટે મહાત્મા ગાંધી સ્મારક પર પ્રાર્થનાસભાનું આયોજન કર્યું હતું. ત્યારે સાંસદ પરવેશ વર્માએ કહ્યું કે દારૂનું કૌભાંડ બહાર આવ્યું છે અને AAP નેતાઓ એક પછી એક જેલમાં જઈ રહ્યા છે.

દરમિયાન, આદમી પાર્ટીના કાર્યકરોએ પણ સંજય સિંહની ધરપકડના વિરોધમાં શહેરમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. દિલ્હીના મંત્રી આતિશીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની પાર્ટી ભાજપ સામે લડત ચાલુ રાખશે અને ભ્રષ્ટાચારના મુદ્દા ઉઠાવશે.